જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૨૪/૧૭

## મારામારી તથા લુંટના ગુનામાં નાસતા ફરતા ઇસમને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપી પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ. શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી એમ.કે.ઝાલા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન હે.કો.રાજેન્દ્ર રામશરણ તથા હે.કો. ધર્મેન્દ્રસિહ ભગવતસિહ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે દિનેશગીરી ઉર્ફે ડી.જી. s/o પ્રકાશગીરી ગોસ્વામી ઉવ.૪૧ ધંધોઃવેપાર રહે, ૧૦, ન્યુ હરીશચન્દ્રનગર, સુમીન પાર્કની બાજુમાં, મહાદેવનગર, વસ્ત્રાલ, અમદાવાદ શહેર વાળાને ઝડપી લેવામાં આવેલ. જેની પુછપરછ કરતાં આજથી પંદર દિવસ અગાઉ રાત્રીના સમયે ઉપરોકત દિનેશગીરી તથા તેના મિત્રો ભૈરવ તથા જશુ જાટ નાઓનો ધરમવીર ઉર્ફે રંગા ચન્દ્રભાન રાજપુત સાથે બોલાચાલી ઝઘડો થયેલ જેમાં દિનેશગીરીએ છરી વડે તેના ઉપર હુમલો કરેલ અને આ બાબતે રામોલ પોલીસ સ્ટેશનમાં મારામારીનો ગુનો દાખલ થયેલ છે તેમજ લુંટનો પણ બીજો ગુનો દિનેશગીરી વિરુધ્ધ દાખલ થયેલ છે જે બાબતે રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૨૧૯/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો તેમજ રામોલ પો.સ્ટે.ફ.ગુ.રનં. ૨૨૨/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના ગુના નોંધાયેલ હોય સદરી ઇસમને આજરોજ તા.૨૨/૦૯/૨૦૧૭ ના કલાક ૧૭/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આગળની વધું કાર્યવાહી સારું રામોલ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

આ આરોપી અગાઉ વટવા પોલીસ સ્ટેશનમાં ૩૦૭ ના ગુનામાં તેમજ ફેક્ચર ગેંગના સભ્ય હરેન્દ્ર રાજપુત ઉપર ફાયરીંગ કરવાના કેસમાં ઓઢવ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે

**મહિલા ક્રાઇમ બ્રાન્ચ :**

**અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન બીજા નોરતે પણ શહેર ના વિવિધ વિસ્તારોમાંથી ડીકોય ટીમો ગોઢવી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા ૦૫ યુવાનોને ઝડપી પાડ્યા.**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનું આયોજન થતું હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પ્લાન ઘડી કાઢી સઘન પેટ્રોલીગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબરસેલ ના મહિલા અધિકારી/કર્મચારી ઓને ડીકોય ની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય ૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં નવરાત્રીના બીજા નોરતે પણ બંદોબસ્ત પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન ડીકોયની ટીમોએ ખાણી-પીણી ના બજારો, જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઢવેલ આ દરમ્યાન મહિલા કર્મચારીઓને ટ્રેડીશનલ ડ્રેસમાં મોકલી ડીકોય ગોઠતા કુલ્લે-૦૫ યુવાનો એ ડીકોયમાં મોકલેલ ટ્રેડીશનલ ડ્રેસવાળી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૃધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે. અને મહિલા પોલીસ દ્વારા આગામી નવરાત્રીના દિવસો માં પણ આવી અસામાજીક પ્રવૃતિ કરતા યુવાનોને યુક્તિ પ્રયુક્તિ થી પકડી પાડવામાં આવશે. અને મહિલાઓ નિર્ભય રીતે ફરી શકે તેવા તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. તા.૨૩/૦૯/૨૦૧૭

**<u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સં.પો.કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો આરોપી નામે **ભુપેન્દ્ર ઉર્ફે ભુપી પ્રમાજી ભાટી** ઉવ-૩૨ રહે:૯૯૯ મદ્રાસી છાપરા સરળ એપા.ની બાજુમાં સેન્ટ્રેલ જેલ રોડ કેશવનગર સુભાષબ્રીજ અમદાવાદ શહેર નાની વિરૂધ્ધ દેશી દારૂના કેશ શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા તા:૨૧/૦૯/૨૦૧૭ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને તા:૨૧/૦૯/૨૦૧૭ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી ખાસ જેલ પાલારા ભુજ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.